For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઓપેરા અને વાડેચા ગ્રુપ પર ITના દરોડા

**૨૫થી** વધુ સ્થળે ૧૫૦થી વધુ અધિકારીનો કાફલો ત્રાટક્યો

**સુરત**, પલસાણા, અમદાવાદ, વડોદરા, ભાવનગર, ધોલેરા, રાજકોટ અને નવસારીમાં ૨૫ સ્થળોએ તપાસ

સુરતઃ શહેરમાં વધુ એક વખત રિઅલ એસ્ટેટ સાથે સંકળાયેલા ઓપેરા ગ્રુપ, આગમ વાડેચા ગ્રુપ પર સુરત આવકવેરા વિભાગની ડિરેક્ટરેટ ઓફ ઈન્વેસ્ટિગેશન વિંગે એક સાથે ૨૫થી વધુ સ્થળે દરોડા પાડતાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. સુરતના વરાછા-વેસુ સાથે સાથે પલસાણા, અમદાવાદ, વડોદરા, ભાવનગર ધોલેરા રાજકોટ અને નવસારી ખાતે એક સાથે વહેલી સવારથી ૧૫૦થી વધુ DDI

...અનુસંધાન પાના 5 પર

### ૧૦૦૦ કરોડના વ્યવહારો મળી આવતાં DDI દોડ્યું

સુરતઃ સુરત આવકવેરા વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ માત્ર સુરતના વરાછા, પલસાણા, નવસારીમાં મસમોટા જમીન સોદા-પ્રોજેક્ટોમાં નાણાકીય વ્યવહારો સુરત આવકવેરા વિભાગની નજરે ચઢ્યાં હોવાનું કહેવાય છે. સુરત આવકવેરા વિભાગ દ્વારા છેલ્લા કેટલાંક સમયથી જમીન સહિતના પ્રોજેક્ટોમાં રોકાણ કરનારા પર બાજ નજર રાખવામાં આવી રહી છે. આ ગ્રુપનાં કરોડો રૂપીયાના જમીનનાં સોદા, કરોડો રૂપિયાનાં પ્રોજેક્ટોમાં રોકાણનાં વ્યવહારોનાં ચોક્કસ ઇનપુટ મળ્યા બાદ આવકવેરા વિભાગની DDI વિંગે દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આવકવેરા

...અનુસંધાન પાના 5 પર

### ડોક્ટરો આગમ વાડેટા મારફતે જમીનોમાં રોકાણ કરે છે

સુરતઃ જાણકાર સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરત શહેરમાં ફાયનાન્સનું રોકાણ માટે આગમ વાડેચા માલેતુજારોમાં ખુબ જ માનીતો છે. ખાસ કરીને શહેરનાં નાંમાકિત ડોકટરોનાં કરોડો રુપીયા આ આગમ વાડેચા મારફતે વિવિધ પ્રોજેક્ટો- જમીનોમાં રોકાણ કરવામાં આવી રહ્યાં છે. ૧૦ વર્ષનાં ટુંકા સમયમાં આગમ વાડેચા ૫૦૦ કરોડનો આસામી બની ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પરમ પ્રોપર્ટી-પરમ ગ્રુપના નામથી કરોડોની દલાલી મેળવનાર આગમ વાડેચા તાજેતરમાં એક મોટા બિલ્ડર ગ્રુપ સાથેના સોદામાં ૧૫ કરોડ રૂપિયાની રોકડ દલાલી સુરત આવકવેરા વિભાગની નજરે ચઢી હતી. સુરતમાં વરાછા, કતારગામ અને અન્ય વિસ્તારોમાં પણ આવી તપાસના કરવામાં આવી રહી છે. સુરતમાં એસ્ટેટ એજન્ટ અને કોમર્શિયલ પ્રોપર્ટી વ્યવહારોમાં સક્રિય આગમના જમીન ખરીદી-વેચાણ અને બિલ્ડરો સાથેના સોદાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ તમામ મુદ્દાને આવરી લઈ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હોવાનું સુરત આવકવેરા વિભાગનાં સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### ઓપેરા ગ્રુપ તો IPO લાવવાની તૈયારી કરતું હતું

સુરતઃ અમદાવાદ થી જુનાગઢ અને અમદાવાદથી વાપી સુધીમાં મોટી સંખ્યામાં જમીનો ધરાવતા ઓપેરા ગ્રુપ તો આગામી સમયમાં આઇપીઓ લાવવાની પણ તૈયારી કરતું હતું. રાજકોટ, ધોલેરા, અમદાવાદ, સુરત, નવસારી સહિત મેગા સિટીમાં પ્રોજેક્ટો ધરાવતાં ઓપેરા ગૃપ છેલ્લાં એક વર્ષથી આઈપીઓ માટે તૈયારી કરી રહ્યું છે. આ ઓપેરા ગ્રુપનાં કર્તાધર્તા સંગાણી પરિવાર હોવાનું કહેવાય છે.

### ધોલેરામાં મિરિક ઇન્ફ્રાટેક પણ વરુણીમાં

સુરતઃ ધોલેરામાં મિરિક ઇન્ફ્રાટેકનાં સંચાલક જાંગીડને ત્યાં પણ આવકવેરા વિભાગની DDI વિંગના દરોડામાં મોટા પ્રોજેક્ટોમાં રોકાણ કરનારા વરુણીમાં લેવાયાં છે. ધોલેરા વિસ્તારમાં મોટા પાયે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કામ કરતી મિરિક ઇન્ફ્રાટેક કંપની અને તેના સંચાલક જાંગીડનાં મોટા પ્રોજેક્ટ્સને કારણે આવકવેરા વિભાગના અધિકારીઓએ દરોડા પાડ્યા છે.



મૃતક ખૈતાન દંપતી



બચી ગયેલી પાર્થ્વી



મૃતક મોટી દીકરી ભવ્યા



આરોપી વૈભવ રૂંગટા

**‘જલ્દી આવો પપ્પા જમીન પર પડેલા છે,’ બાળકીએ નાનીને ફોન કર્યો**

# દેવામાં ડૂબેલા યુવકે પત્ની અને બાળકીને ઝેર આપ્યું, ત્રણનાં મોત

**વેસુના** હેપ્પી એલિગન્સના દંપતીની સ્યુસાઈડ નોટમાં અલથાણના વૈભવ રૂંગટા દ્વારા ટોર્ચર અને ધમકીના અપાયાના આક્ષેપ

**મમ્મી**-પપ્પા કંઈક લખી રહ્યાં હતાં, બાળકીના શબ્દો તપાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે

સુરતઃ સુરત શહેરના વેસુ વિસ્તારમાં બનેલી એક સામૂહિક આત્મહત્યાની હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર શહેરને શોકમાં ગરકાવ કરી દીધું છે. વેસુ કેનાલ રોડ પર આવેલી હેપ્પી એલિગન્સ એપાર્ટમેન્ટમાં રહેતા શેરબજાર સાથે સંકળાયેલા ૩૮ વર્ષીય બાલમુકુન્દ ઉર્ફે બિટ્ટુ ઓમપ્રકાશ ખેતાને પોતાના જીવનથી નિરાશ થઈ એવો ભયાનક નિર્ણય લીધો કે જેમાં ત્રણ નિર્દોષ જીવો પણ ભોગ બન્યા છે.

...અનુસંધાન પાના 5 પર

### મારો ભાઈ બહુ ઓછું બોલતો, ક્યારેય દુઃખની વાત કરી નહોતી

મૂળ બિહારના પટના જિલ્લાના વતની બાલમુકુન્દ ખેતાન સુરતમાં પત્ની અને દીકરીઓ સાથે રહેતા હતા. તેમના પિતાનું અગાઉ જ અવસાન થઈ ગયું હતું. માતા પટનામાં બેડરેસ્ટ છે અને એક બહેન પણ ત્યાં જ રહે છે. ઘટનાની જાણ થતાં બહેન ખુશી અને બનેવી દિપક બંકવ પટનાથી સુરત દોડી આવ્યા હતા. બહેન ખુશીએ આક્રંદ વચ્ચે જણાવ્યું કે “મારો ભાઈ બહુ ઓછું બોલતો. ક્યારેય પોતાના દુઃખની વાત કરી નહોતી. જો કોઈ ત્રાસ હતો તો અમને કહ્યું હોત તો!”

### વૈભવ સામે દુષ્પ્રેરણાનો ગુનો, સ્યુસાઇડ નોટમાં નામ આવતાં ભાગી ગયો

સસરા સંજય અગ્રવાલની ફરિયાદ અને સ્યુસાઈડ નોટના આધારે વેસુ પોલીસે વૈભવ શિવકુમાર રૂંગટા (રહે. શિવ રેસિડેન્સી, અલથાણ) સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે અને સ્યુસાઈડ નોટના દરેક પાસાંની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. આપઘાતના સ્થળે ગયેલા નામ આવ્યું હોવાની ગંધ આવતા પલાયન થઇ ગયો વેસુ પોલીસ તેના ઘરે ગઇ ત્યારે ફ્લેટ બંધ જોવા મળ્યો હતો.

### વૈભવ રુંગટાએ મૃતકની ગાડી-ક્રેડિટ કાર્ડ પડાવી લીધાં હતાં

સ્યુસાઇડ નોટમાં જણાવ્યા અનુસાર, આરોપી વૈભવ રુંગટાએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પડાવી લીધાં હતાં અને તે કાર્ડથી બિનજરૂરી શોપિંગ પણ કરી હતી. આ માનસિક અને આર્થિક ત્રાસને કારણે પરિવારે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે.

# આજથી ધો.10 અને 12ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

**ધો.10ના** 92,280 અને ધો.12ના 70,790 વિદ્યાર્થી પરીક્ષામાં બેસશે

સુરતઃ રાજ્યભરમાં આજથી ધોરણ 10 તથા ધોરણ 12 (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ)ની બોર્ડ પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. સુરત શહેર-જિલ્લામાં આ વર્ષે કુલ 1,65,690 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે, જે રાજ્યમાં સૌથી વધુ ગણાય છે.

### આજે લેવાનારી પરીક્ષા

**ધોરણ ૧૦:** ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી, ઉર્દૂ, સિંધી, તામીલ, તેલગુ, ઉડિયા (પ્રથમ ભાષા)

**ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ:** સહકાર પંચાયત, અર્થશાસ્ત્ર

**ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ:** ભૌતિક વિજ્ઞાન

જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા મળેલી માહિતી અનુસાર, ધોરણ 10ના

...અનુસંધાન પાના 5 પર

### વિદ્યાર્થીઓની સરળતા માટે આ સુવિધા ઊભી કરાઈ

720 કેન્દ્રોનું સ્થળ જાણવા માટે QR કોડ સુવિધા

અભ્યાસ અને માનસિક દબાણ માટે ‘પરીક્ષામિત્ર હેલ્પલાઈન’

GSRTC દ્વારા 14 વધારાની બસો દોડાવવામાં આવી છે.

### 5,653 વર્ગખંડમાં CCTV કેમેરા

જિલ્લાના 561 પરીક્ષા કેન્દ્રોના 5,653 વર્ગખંડોમાં CCTV કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. વિજ્ઞાન પ્રવાહના કેન્દ્રોમાં સ્થાનિક સ્ક્વોડની રચના કરવામાં આવી છે. પરીક્ષા સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે વિદ્યાર્થીઓને બુટ પહેરીને પ્રવેશવા પર પ્રતિબંધ નહીં હોય, પરંતુ ઓળખપત્ર ફરજિયાત રહેશે.

**સ્મીમેર મેડિકલ કોલેજમાં લોકલ ક્વોટા મુદ્દે ઉગ્ર બનતી માંગ**

# સુરતનું મજબૂત રાજકીય નેતૃત્વ પછી પણ શાસકો કેમ અનિર્ણાયક?

**વર્ષ** 2000માં સ્મીમેર મેડિકલ કોલેજની પાયાની શરતો કેમ ભુલાઈ?

85 ટકા લોકલ ક્વોટાની સ્પષ્ટતા પછી પણ નિર્ણય લેવામાં કેમ ગૂંચવણ?

સુરતઃ સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજમાં સુરતના વિદ્યાર્થીઓના હિત માટે 250 સીટમાંથી 175 સીટ લોકલ ક્વોટા હેઠળ ફાળવવા માંગ ઉગ્ર બની રહી છે. સુરતના કરદાતાઓના હિત અને તેમના બાળકોને ન્યાય મળે તે હેતુસર શહેરમાં એકસૂર માંગ ઉઠી રહી છે કે મનપા તાત્કાલિક ઠરાવ પસાર કરે. સુરતનું રાજ્યમાં મજબૂત રાજકીય નેતૃત્વ છતાં મનપા ઠરાવ કરવા કયા અવઢવમાં છે તે પ્રશ્ન ઉઠી રહ્યા છે.

મેડિકલ કોલેજ શરૂ થઈ ત્યારે 100 સીટમાંથી 85 ટકા સીટ લોકલ વિદ્યાર્થીઓ માટે અને 15 ટકા સીટ એનઆરઆઈ ક્વોટા માટે ફાળવવામાં આવી હતી. બાદમાં મેનેજમેન્ટ ક્વોટાના નામે વધુ 15 ટકા સીટ અલગ કરવામાં આવતા સુરતના વિદ્યાર્થીઓના હિસ્સામાં ઘટાડો થયો અને લોકલ ક્વોટા ઘટીને આશરે 70 સીટ સુધી સીમિત થઈ ગઈ. આ અંગે વર્ષ 2008માં મનપાએ ઠરાવ કર્યો હતો, પરંતુ ત્યારબાદ સીટોની સંખ્યા વધીને 250 થઈ હોવા છતાં લોકલ ક્વોટાને અનુરૂપ 175 સીટ ફાળવવા માટે કોઈ નવો ઠરાવ કરવામાં આવ્યો નથી. હાલ સુરતનું પ્રતિનિધિત્વ રાજ્ય સ્તરે મજબૂત ગણાય છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ

...અનુસંધાન પાના 5 પર

### સુરતના વિદ્યાર્થીઓનો હક્ક ન છીનવાય તેવી વિનંતી છે



સ્મીમેર હોસ્પિટલની સ્થાપના સુરતના રહેવાસીઓને લાભકર્તા થાય એ હેતુથી કરાયેલી. આ હોસ્પિટલની સ્થાપનામાં સુરતના રહેવાસીઓના પૈસો, પરિશ્રમ અને પુરુષાર્થ જોડાયેલો છે. આના સંદર્ભે સુરતના રહેવાસીઓને તેમના સંતાનોને, હોસ્પિટલ જોડે સંલગ્ન મેડિકલ કોલેજ માં પ્રાથમિકતાના ધોરણે પ્રવેશ મળે એ સ્વાભાવિક છે. કોલેજ શરૂ થઈ ત્યારે જેટલી સીટ મળતી હતી એટલી સીટ મળે છે પણ કુલ સીટના પ્રમાણમાં ખુબ જ ઓછી થઈ ગઈ છે. આ સુરત ની પ્રજા અને ખાસ કરીને સુરત ના વિદ્યાર્થીઓ ને હળાહળ અન્યાય છે. સામે ડોક્ટરો ભીરુ છે અને આંદોલનમાં ન માનનારી પ્રજા છે. સુરત ને સક્ષમ અને સબળ રાજકીય નેતાગીરી પ્રાપ્ત થયેલ છે એવા ટાણે આ અપીલ આંદોલન માં ન ફેરવાય એવી આશા રાખું છું અને આ નેતાઓ સુરત ના વિદ્યાર્થીઓ માટે એમનો હક્ક ન છીનવાય એ માટે પ્રયત્નશીલ રહે એવી વિનંતી કરું છું.

**- ડો.પ્રશાંત બી દેસાઈ, પ્રેસિડન્ટ સુરત ઇએનટી એસોસિએશન**

### મનપા ઠરાવ પણ કરી શકે અને જરૂર હોય તો સરકારને રજૂઆત પણ




અમારા દ્વારા એક વાલીમંડળ સ્થાપિત કરાયું હતું. જે સુપ્રિમ કોર્ટ સુધી લડત ચલાવી હતી. મનપાએ 85 ટકા સીટ હતી તેમાંથી પણ મેનેજમેન્ટ ક્વોટાના નામે બીજી 15 ટકા સીટો કાપી અને 70 ટકા સીટો લોકલ સુરતને આપી હતી. જો કે ત્યારે 100 પૈકી 70 સીટ કહીને આપી જે હવે 250 થઈ ત્યારે પણ 70 છે. આ ખુબ મોટો અન્યાય સુરતના વિદ્યાર્થીઓ સાથે છે. 250 પૈકી 175 સીટ સુરતના લોકલ ક્વોટાને મળવી જ જોઈએ. અને જે મળી શકે તેમ છે. મેડિકલ કોલેજ મનપાએ

...અનુસંધાન પાના 5 પર

### 2008 પછી કેમ ન થયો સુધારાત્મક ઠરાવ? નિર્ણયમાં વિલંબ પાછળ શું કારણ?

મેડિકલ કોલેજની શરૂઆત વખતે 100 સીટમાંથી 85 ટકા લોકલ વિદ્યાર્થીઓને ફાળવવાની વ્યવસ્થા હતી. વર્ષ 2008માં થયેલા ઠરાવ બાદ સીટોની સંખ્યા વધીને 250 થઈ ગઈ, પરંતુ અનુરૂપ રીતે 175 સીટ લોકલ ક્વોટાને ફાળવવાનો કોઈ નવો ઠરાવ કરવામાં આવ્યો નથી. આ પરિસ્થિતિએ ચર્ચાને વેગ આપ્યો છે કે શું મનપા વહીવટી અવઢવમાં ફસાઈ છે કે રાજકીય સ્તરે સ્પષ્ટ દિશાનિર્દેશનો અભાવ છે? સ્થાનિક સ્તરે માનવામાં આવે છે કે જો રાજ્ય અને મનપા વચ્ચે સંકલન થાય તો ઠરાવ પસાર કરવો મુશ્કેલ નથી. છતાં લાંબા સમયથી કોઈ ચોક્કસ કાર્યવાહી ન થવી રાજકીય અને વહીવટી ઇરાદા પર સવાલ ઊભા કરે છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચર્ચા છે કે જ્યારે સુરતનું પ્રતિનિધિત્વ રાજ્યમાં મજબૂત છે, ત્યારે પોતાના શહેરના વિદ્યાર્થીઓને હક માટે લડવું પડે તે પરિસ્થિતિ શા માટે ઊભી થાય?



SCHEME OF ADMISSION

The Surat Municipal Corporation has adopted the "scheme for the self-financing educational colleges" directed by Hon'ble Supreme Court for establishment of self-financing educational institutions vide (1993) 1SCC 645 dated 4th February 1993, for its Medical College at Surat. The admission to SMIMER, Surat is under the Control of Surat Municipal Corporation.

### પતિએ ગુટખા ખાવા બાબતે ઠપકો આપતાં પત્નીનો આપઘાત

સુરતઃ મૂળ અમરેલીના રાજુલા તાલુકાના વાવડી ગામના વતની અને હાલ પુણાગામ કારગીલ ચોક પાસે આવેલા શ્રીનાથ સોસાયટીમાં રહેતા પ્રદીપ બાબરીયા હોટફિક્સ મશીનમાં કામ કરી પત્ની ૨૩ વર્ષીય રતનબેનનું ભરણપોષણ કરે છે. પ્રદીપના રતનબેન સાથે એક વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. ગઈકાલે સવારે રતનબેને ઘરમાં ઝેરી દવા પી લેતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. પતિ પ્રદીપએ કહ્યું હતું કે રતનબેન પાસેથી ગુટખા મળી

...અનુસંધાન પાના 5 પર

# CSનાં પરિણામોમાં AIRમાં સુરતનાં 3 વિદ્યાર્થી, એક્ઝિક્યુટિવમાં 16 સફળ

**વિરવા** મહેતાએ AIR 14, રૂત્વી શાહે AIR 16 અને પલક ગાંધીએ AIR 21 મેળવી સુરતમાં ત્રીજું સ્થાન હાંસલ કર્યું

CS પ્રોફેશનલમાં 18 અને CS એક્ઝિક્યુટિવમાં 16 વિદ્યાર્થીઓ સફળ

સુરતઃ ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયાના (ICSI) દ્વારા ડિસેમ્બર 2025માં યોજાયેલી CS એક્ઝિક્યુટિવ અને CS પ્રોફેશનલ પરીક્ષાના પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા હતા. સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી અને ઘોડદોડ રોડ સ્થિત આવેલી ઈગ્નાઈટ એકેડેમીના વિદ્યાર્થીઓએ આ પરિણામોમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

ઈગ્નાઈટ એકેડમી (ઘોડદોડ રોડ) ખાતે CS ભુપેન્દ્ર જૈનના માર્ગદર્શન હેઠળ કુલ 18 વિદ્યાર્થીઓએ CS પ્રોફેસનલ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. વિશેષ ગૌરવની બાબત એ છે કે તેમાંના બે વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા રેન્ક પ્રાપ્ત કરી રાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાતિ મેળવી છે. વિરવા મહેતાએ AIR 14 અને રૂત્વી શાહે AIR 16 પ્રાપ્ત કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. ઈગ્નાઈટ એકેડેમીના સ્થાપક CA CS સ્નેહ ભાટિયાના માર્ગદર્શન હેઠળ કુલ 18 વિદ્યાર્થીઓએ CS પ્રોફેશનલ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે, જ્યારે 16 વિદ્યાર્થીઓ CS એક્ઝિક્યુટિવ પરીક્ષામાં સફળ રહ્યા છે. પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી ઈગ્નાઈટ એકેડેમીની પલક ગાંધીએ CS પ્રોફેશનલ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક 21 પ્રાપ્ત કરી છે. ઉલ્લેખનીય છે કે કંપની સેક્રેટરી (CS) કોર્સ ICSI દ્વારા સંચાલિત એક પ્રતિષ્ઠિત વ્યાવસાયિક ડિગ્રી પ્રોગ્રામ છે. કોઈપણ પ્રવાહ-વાણિજ્ય, વિજ્ઞાન અથવા કલા-માં ધોરણ 12 પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ લઈ શકે છે.

પોંક... પોંક... પોંક....
સીઝન નો છેલ્લો પોંક
તા.૨૬, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી
ફક્ત ત્રણ દિવસ માટે
પટેલ પોંક સેન્ટર
નવી પોંક નગરી, સરીતા સાગર, સરદાર બ્રીજનીચે, સ્વામીનારાયણ મંદિરની સામે, અડાજણ.
(M) 98796 88244, 98796 88243, 98797 45199

**શ્રી સુરતી દશા પોરવાડ વણિક અવસાન**



મારા ધર્મપત્ની અ.સૌ.માધવી અમર દલાલ તા.૨૫-૦૨-૨૦૨૬, બુધવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

સદ્‌ગત ની પ્રાર્થનાસભા તા.૨૬-૦૨-૨૦૨૬ ને ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન જીવન વિકાસ ટ્રસ્ટ સ્કુલ, ગુજરાત ગેસની ઓફિસ ની બાજુ ની ગલી માં, અડાજણ મુકામે રાખેલ છે.

-: શોકાતુર :-
અમર જીતેન્દ્ર દલાલ (પતિ)
M:9824444424

સ્વ.અ.સૌ. માધવી અમર દલાલ
સ્વ.તા.૨૫-૦૨-૨૦૨૬

રાજવી નિરવ પાસાતાણિયા (પુત્રી) નિરવ વિજયભાઈ પાસાતાણિયા (જમાઈ)
દર્શિની ધ્રુવ શેઠ (પુત્રી) ધ્રુવ નીખિલભાઈ શેઠ (જમાઈ)
ધ્રુવ નિરવ પાસાતાણિયા (દોહિત્ર) તેમજ સમસ્ત દલાલ પરિવાર

**દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે ભાવભીની શ્રધ્ધાંજલિ**



એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય. હજુ જરૂર હતી તમારી અમને, ત્યાં કુદરત લઈ ગયો તાણી. હે કુદરત એ અમાનત અમારી છે રાખજે તું એમની સંભાળ, તારા માટે એ આત્મા હશે, પણ એ જ જીંદગી અમારી હતી.
પ્રભુ સદ્‌ગત આત્માને ચિર શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ. નટવરભાઈ હીરાભાઈ ભાજીવાલા
તાડવાડી, રાંદેર રોડ, સુરત.

લિ. શોકાતુર
ગં.સ્વ. સુમનબેન નટવરભાઈ ભાજીવાલા
અ.સૌ. રીટાબેન - ભદ્રેશ એન. ભાજીવાલા
અ.સૌ. પ્રિયંકા - વિમલ એન. ભાજીવાલા
અ.સૌ. ઉન્નતિ રવિકુમાર પટેલ
તથા સમસ્ત ભાજીવાલા પરિવાર
મોનિક, આરોહી, સાવ્ય

**દુઃખદ અવસાન/સંયુક્ત બેસણું**



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા બહેન
ગં.સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલનું તા. ૨૫/૦૨/૨૦૨૬ને બુધવારના રોજ ભીમરાડ ગામે દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૨૭/૦૨/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાક ભીમરાડ ગામ મુકામે રાખેલ છે.

સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલ
જન્મ તા. ૨૨/૦૪/૧૯૫૨
સ્વ. તા. ૨૫/૦૨/૨૦૨૬, બુધવાર

લિ.
ગં.સ્વ. જમનાબેન રતિલાલ પટેલ | શ્રી કિશોર રતિલાલ પટેલ
સ્વ. રતિલાલ લીંબાભાઈ પટેલ | શ્રી ડૉ. બળવંતભાઈ રતિલાલ પટેલ
સ્વ. હીરાભાઈ લીંબાભાઈ પટેલ | શ્રી હેમંત રતિલાલ પટેલ
સ્વ. જમનાબેન હીરાભાઈ પટેલ | શ્રી મધુબેન કિશોરભાઈ પટેલ
સ્વ. ઝીણાભાઈ લીંબાભાઈ પટેલ | શ્રી ભારતીબેન બળવંતભાઈ પટેલ
સ્વ. ચંદ્રકાન્ત રતિલાલ પટેલ | શ્રી મયુરીબેન હેમંત પટેલ
હિમાંશુ-માનસી, નિર્મલ- નેહા,
રાહુલ, ક્રિશિવ, પ્રેયા તથા સમસ્ત પટેલ પરિવાર
નિવાસસ્થાનઃ શાંતા ગૌદાવરી બંગલો, વેસુ, સુરત

**દુઃખદ અવસાન/સંયુક્ત બેસણું**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા પરમ પૂજ્ય માતૃશ્રી દેવિયાનીબેન જીવણભાઈ પટેલનું તા. ૨૫/૦૨/૨૦૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૦૨/૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.
પ્રભુ સદગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલ
જન્મ તા. ૨૨/૦૪/૧૯૫૨
સ્વ. તા. ૨૫/૦૨/૨૦૨૬, બુધવાર

લિ.
સ્વ. જીવણભાઈ દુલ્લર્ભભાઈ પટેલ
સ્વ. કમલેશભાઈ જીવણભાઈ પટેલ | ગં.સ્વ. નિલમબેન કમલેશભાઈ પટેલ
શ્રી કલ્પેશભાઈ જીવણભાઈ પટેલ | અ.સૌ. ચૈતાલીબેન કલ્પેશભાઈ પટેલ
સ્વ. સામુભાઈ દુલ્લભભાઈ પટેલ | સ્વ. મુકેશભાઈ સામુભાઈ પટેલ
શ્રી પંકજભાઈ સામુભાઈ પટેલ
હર્ષિતા, વત્સલ, આંકાશા, વેદાંશી, હર્ષ, કેલ્વી, ક્યારા
નિવાસ સ્થાન : પટેલ ફળીયું, ભીમરાડ ગામ, સુરત.
:: પિયર પક્ષ ::
સ્વ. હીરાભાઈ લીંબાભાઈ પટેલ (પિતા) | સ્વ. જમનાબેન હીરાભાઈ પટેલ (માતા)
સ્વ. રતીલાલભાઈ લીંબાભાઈ પટેલ | ગં.સ્વ. જમનાબેન રતીલાલભાઈ પટેલ
શ્રી કિશોરભાઈ રતીલાલભાઈ પટેલ | શ્રી બળવંતભાઈ રતીલાલભાઈ પટેલ
સ્વ. ચંદ્રકાંતભાઈ રતીલાલભાઈ પટેલ | શ્રી હેમંતભાઈ રતીલાલભાઈ પટેલ

**દુઃખદ અવસાન બેસણું**



સ્વ.વાલીબેન(બબલીબેન) તનસુખભાઈ પટેલ
જન્મ તા. ૨૧/૧૨/૧૯૪૨ I સ્વ.તાઃ ૨૫/૦૨/૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી વાલીબેન(બબલીબેન) તનસુખભાઈ પટેલનું તાઃ ૨૫/૦૨/૨૦૨૬ બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૦૨/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રીવાજ બંધ છે.

લિ. સ્વ. તનસુખભાઈ પાંચીયાભાઈ પટેલ
ઈશ્વરભાઈ પાંચીયાભાઈ પટેલ | સ્વ. નરેન્દ્રભાઈ તનસુખભાઈ પટેલ
બીપીનભાઈ બાબુભાઈ પટેલ | પ્રકાશભાઈ તનસુખભાઈ પટેલ
મનહરભાઈ ભાણાભાઈ પટેલ | સ્વ. પરેશભાઈ તનસુખભાઈ પટેલ
નરેશભાઈ તનસુખભાઈ પટેલ | હેતલભાઈ તનસુખભાઈ પટેલ
હિતેશભાઈ તનસુખભાઈ પટેલ
તથા સમસ્ત પાંચીયા પરિવાર
બેસણાનું સ્થળ : ‘સમર્થ સાઈ’ રૂંઢ મગદલ્લા, મેઈન રોડ, સુરત.

**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્હાલી મમ્મીને પાંચમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ**



વ્હાલી મમ્મીને પાંચ વર્ષ પૂર્ણ થયા અને હજી તમારી યાદ ભુલાતી નથી.
મમ્મી તમને શત્ શત્ નમન
તમારી પ્રવિત્ર આત્માને માતાજી શાંતી અર્પે એવી પ્રભુ પ્રાર્થના.

સ્વ. જયવંતીબેન ગોપાલભાઈ રાણા (રાણા સિસ્ટર)
સ્વ.તા. ૨૬.૦૨.૨૦૨૧

લિ.
કીરીટભાઈ જી. રાણા | પ્રવીણાબેન કે. રાણા
નીતીનભાઈ જી. રાણા | મીનાક્ષીબેન એન. રાણા
તપન કે. રાણા | તેજલ ટી. રાણા
ડો. સ્મીત એન. રાણા | હિમાલય એન. રાણા
તથા સમસ્ત રાણા પરિવાર
કતારગામ અમરોલી, સુરત.

**આઠમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, આપનો હસતો ચહેરો, પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. વિઠ્ઠલભાઈ મકનભાઈ પટેલ
સ્વ.તા. ૨૬/૦૨/૨૦૧૮

લિ. ગં.સ્વ. ચંચળબેન વિઠ્ઠલભાઈ પટેલ
મેહુલભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (પુત્ર)
રિયા મેહુલભાઈ પટેલ (પુત્રવધુ)
ભાણાભાઈ મકનભાઈ પટેલ (ભાઈ)
ભરતભાઈ ધીરૂભાઈ પટેલ (ભાણેજ)
વેદાર્થ મેહુલભાઈ પટેલ (પૌત્ર)
નિવાસસ્થાન : સ્કુલ ફળિયું, મ.પો. ભમરોલી ગામ, સુરત. મો. ૯૯૦૯૦ ૧૪૪૪૨

**પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



એક મહિનો થઇ ગયો પણ
તારી કમી હજુ પણ એટલી જ અનુભવાય છે,
જ્યાં પણ હોઇશ ખુશ રહેજે દોસ્ત,
જીવન ચાલતું રહેશે
પણ તારી જગ્યા કોઇ નહીં લઇ શકે.
પ્રભુ તારા દિવ્ય આત્માને
શાંતિ આપે એ જ પ્રાર્થના.

સ્વ. કિરીટભાઇ દીપકભાઇ પટેલ
જન્મ તા. ૦૮/૧૦/૧૯૯૦
સ્વ. તા. ૨૬/૦૧/૨૦૨૬

યંગ સ્ટાર (દોસ્તી) ગ્રુપ
ભવાની સ્ટ્રીટ, નવા મગદલ્લા, સુરત.